R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 24•ISSUE: 11 DATE: 14-03-2020•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## અસહિષ્ણુતા, આર્થિક મંદી, કોરોના અંગે ડો. મનમોહનસિંહ,પુર્વ વડાપ્રધાનની સરકારને ચેતવણી

ભારત સામે હાલ સામાજિક અસહિષ્ણુતા, આર્થિક મંદી અને વૈશ્વિક રોગચાળો કોરોના વાઈરસ જેવા ત્રણ સંકટોનો ખતરો સર્જાયો છે. તેવી ચેતવણી પુર્વ પીએમ અને કોગ્રેસના નેતા મનમોહનસિંહે સરકાર સમક્ષ ઉચ્ચારી છે. અને ત્રણેય દુષણોથી સાવધ રહેવા સરકારને તાકીદ કરી હતી. આ ત્રણેય દુષણો ભારતના આત્મા પરજ કુઠારાઘાત નહીં કરે પ ણ વિશ્વમાં આર્થિક તેમજ લાકશાહી મહાસત્તા તરીકે ઊભરી આવવા આપણા વૈશ્વીક પ્રયાસોને હાનિ પહોચાડશે તેમ કહ્યુ હતું.એક અંગ્રેજી અખબારમાં પ્રસિધ્ધ થયેલા લેખમાં સિહં દિલ્હીના તોફાનો, સાંપ્રદાયિક તંગદીલી તેમજ ધાર્મિક અસહિષ્ણુતાની આગ માટે રાજકીય નેતાઓ સહિત સમાજના અનિચ્છનીય તત્વોને દોષિત ઠેરવ્યા હતા.



દેશમાં હાલની હિંસાને યોગ્ય ઠેરવવા માટે ભારતના ઈતિહાસમાં ભુતકાળમાં થયેલી હિંસાના ઉદાહરણો આપવામાં આવે છે. જે ઉચિત નથી. દરેક પ્રકારની સાંપ્રદાયિક હિંસા મહાત્મા ગાંધીના ભારત પર કાળો ડાઘ છે. થોડાક વર્ષોમાંજ ભારત આર્થિક ઉદારીકરણ અને લોકશાહી ઢબે આર્થિક વિકાસનું એક વૈશ્વિક મોડલ બનવાના માર્ગ પરથી ઝડપથી લપસી ગયું છે. આખા દેશમાં આર્થિક નિરાશા વ્યાપી ગઈ છે. દેશની ઈકોનોમી ડામાડોળ છે અને લથડી ગઈ છે. ત્યારે આ પ્રકારની સામાજિક અશાંતિ મંદીને વધુ વકરાવશે તેવી ચેતવણી સિંહે ઉચ્ચારી હતી. રોકાણકારો,ઊદ્યોગપતિઓ અને ઉદ્યોગ સાહસિકો નવા પ્રોજેકટ હાથ ધરવા તૈયાર નથી. જોખમો ઉઠાવવાની ક્ષમતા તેઓ ગુમાવી ચુક્યા છે.

સિંહે કહ્યુ કે યુનીવરસીટી કેમ્પસ,જાહેર સ્થળો તેમજ ખાનગી મકાનો કોમી હિંસાના ઉદ્‌ગમ સ્થાન બની ગયા છે. ભારતના ઈતિહાસમાં આ કાળા અક્ષરે લખાનારો સમય ચે. નાગરિકોના રક્ષણ માટે કોર્ટ અને પોલીસ તેમનો રાજધર્મ ભુલી ગયા છે. ન્યાયતંત્ર અને સમાજની ચોથી જાગીર એવું મીડીયા પણ તેની ફરજો અદા કરવામાં નિષ્ફળ ગયા છે.

## યશ બેન્કના ખાતાધારકોના નાણાં સુરક્ષિત : નાણાંમંત્રી નિર્મલા સીતારામન

નાણાં મંત્રી નિર્મલા સીતારામને યશ બેન્કને આર્થિક સંકટમાંથી બચાવવાના સંદર્ભમાં જણાવ્યુ હતું કે સરકાર તેમજ આરબીઆઈ સંયુક્ત રીતે આ દિશામાં કામ કરી રહી છે. નાણાં મંત્રીએ યશ બેન્કના દરેક ખાતા ધારકોને વિશ્વાસ અપાવતાં કહ્યુ હતું કે તેમના નાણાં સુરક્ષિત છે.સરકાર વહેલી તકે આનો ઉકેલ લાવવા પ્રયત્નશીલ છે. પાછલા બે મહિનાથી



તેઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.હાલમાં લેવાયેલો નિર્ણય તમામના હિતમાં છે.

## શેર બજાર તુટી પડ્યુ : સન્સેક્સમાં ઐતિહાસિક ગાબડુ,ક્રુડમાં કડાકો : રોકાણકારોની સંપત્તિમાં એકજ દિવસમાં રુ.સાત લાખ કરોડથી વધુનો ઘટાડો

ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડા સાથે કોરોના વાઈરસ,યશ બેન્કનું કૌભાંડ દેશના શેરબજારો પર બુલડોઝરની માફક ફરી વળ્યું.સેન્સેક્સ એક જ દિવસમાં ઈન્ટ્રા ડે ૨૪૬૭ પોઈન્ટનો ઐતિહાસિક કડાકો જોવા મળ્યો હતો. ચારેબાજુ વેચવાલીને કારણે શેરબજારમાં બ્લેક મન્ડેનો બ્લેકબાથ સર્જાયો હતો.રોકાણકારોની સંપત્તિમાં એક જ દિવસમાં રુ.સાત લાખ કરોડથી વધુનું ધોવાણ થયું હતું. ક્રુડ ઓઈલના ભાવમાં વિશ્વબજારમાં ૩૧ ટકાનો ઘટાડો થતાં તેમજ વૈશ્વિક શેરબજારોમાં ઘટાડાને પગલે બજારનું સેન્ટીમેટ ખરડાયું હતું. જો કે પાછળથી સેન્સેક્સમાં રિકવરી જોવા મળી હતી. સેન્સેક્સમાં મુંબઈ શેરબજારના ૧૪૫ વર્ષના ઈતિહાસમા એકજ દિવસમાં ૨૪૬૭ પોઈન્ટનું ગાબડુ જોવા મળ્યું હતુ.

કોરોના વાઈરસનો આખા વિશ્વમાં ફેલાવો તેમજ એપ્રિલ પછી સાઉદી અરેબિયાએ ક્રુડના ઉત્પાદનમાં વધારો કરવાનો નિર્ણય લઈને પ્રાઈસ વોર છેડતાં વિશ્વ બજારમાં ક્રુડના ભાવમાં ૩૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.૧૯૯૧ માં ખાડી યુધ્ધ પછીનો આ મોટામાં મોટો ઘટાડો હતો.ક્રુડના ઉત્પાદન કરતાં ઓપેક દેશો વચ્ચે ઉત્પાદનમાં કાપ મુકવા સંમતિ અપાઈ ન હતી.આ ઉપરાંત રશિયા પણ ઉત્પાદનમાં ઘટાડો નહીં કરવાનું વલણ અપનાવ્યુ હતું.

## કોરોના વાયરસના પગલે વડાપ્રધાન મોદીનો બાંગલાદેશનો પ્રવાસ મુલતવી :દિલ્હીની કોમી હિંસાના મામલે એરપોર્ટ પર મોદીના આગમન વખતે દેખાવો કરવાની બંગલાદેશીઓની ધમકીને કારણે કાર્યક્રમ રદની જાહેરાત કરાઇ

દેશની રાજધાની દિલ્હી ખાતે ૨૪ ફેબ્રુઆરી થી ૨૬ ફેબ્રુઆરી વચ્ચે થયેલા કોમી તોફાનો પચી બાંગલા દેશમાં વડાપ્રધાન મોદી વિરોધી દેખાવો યોજાઈ રહ્યા છે. શુક્રવારે જુમ્માની નમાજ પછી હજારો લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. અને મોદીનો બાંગલાદેશ મુલાકાત કાર્યક્રમ રદ કરવાની માંગણી કરી હતી. બાંગલાદેશના રાષ્ટ્રપિતા મુજીબર્રહેમાનની ૧૦૦મી જયંતીની ઉજવણી પ્રસંગે આયોજિત સમારંભમાં ભાગ લેવા મોદી બાંગલાદેશ જવાના હતા.વડાપ્રધાન મોદીને મુખ્ય અતિથિ તરીકે નિમત્રણ આપવામાં આવ્યુ હતું. કોરોના વાઈરસને કારણે મોદીનો કાર્યક્રમ રદ થાય તેવી સંભાવના હતી ત્યારે દેખાવકારોની માંગણી કરી રહ્યા હતા કે આ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ભારતના વડાપ્રધાન મોદીનું આમંત્રણ પાછુ ખેચી લેવામાં આવે.સંજોગોને લઈને ભારત તરફી જાહેરાત કરી દેવાઈ હતી કે વડાપ્રધાન મોદી બાંગલા દેશના પ્રવાસે જશે નહીં.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## યશ બેન્કના મની લોન્ડરીંગ કેસમાં સપડાયેલા સંસ્થાપક રાણા કપુરનો મુંબઇમાં આલીશાન મહેલ

મની લોન્ડરીંગ કેસમાં પકડાયેલા યસ બેન્કના સંસ્થાપક રાણા કપુર તેમની ભવ્ય રહેણીકરણી માટે પ્રખ્યાત બન્યા છે. તેમણે દક્ષિણ મુંબઈમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણીના એન્ટિલિયા મહેલની બાજુમાં ૨૦૧૮માં ૧૨૮ કરોડના ખર્ચે જમીન ખરીદી હતી.અલ્ટામાઉન્ટ રોડ પર આ જમીનની માલિકી સીટી ગ્રુપ પાસે હતી. આ જમીન ઉપર ૪૪ અબજ રુપીયાના ખર્ચે બંગલો બનાવવામાં આવ્યો હતો. એન્ટલીયા પાસે હોવાથી એની ચર્ચા ઓછી થાય છે. પણ દુનિયાના સૌથી મોઘા ૧૦ ઘરોમાં એને સમાવેશ થાય છે. આ બંગલો જ્યાં છે એ સૌથી મોઘો વિસ્તાર છે. અને આ વિસ્તારમાં ભારતના સૌથી અમીર બિઝનેસમેનો રહે છે. જેમાં કુમારમંગલમ બિરલાનો પણ સમાવેશ થાય છે. આ બંગલાની જમીન રાણા કપુરે તેમની પત્ની બિંદુ અને એક પ્રાઈવેટ કંપનીના નામે ખરીદી છે. મે નહીં. આ પ્રોપર્ટી ખરીદવા માટે એક વર્ષ સુધી દક્ષિણ મુંબઈમાં જમીનની તપાસ કરાઈ હતી. આ બંગલાનો કુલ બિલ્ટ અપ એરીયા ૧૪,૮૦૦ વર્ગ ફુટ છે. આ ઉપરાતં વિદેશોમાં પણ તેમની મોટી મોઘી મિલકતો છે.સરકારી અધિકારીઓ ક્યારે આવી ભવ્યતાની તપાસ કરતા નથી.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળા મારવા નિકળવું તેવી ઉક્તિને કેન્દ્રની સરકારે સાચી ઠેરવી છે. યશ બેન્ક હોય કે પછી બેન્કોનું ફુલેકું ફેરવીને વિદેશોમાં ભાગી જનારા ઠગોને રાજકારણીઓ અને સત્તાસ્થાને બેઠેલા લોકોના આર્શીવાદ પ્રાપ્ત હોવાનું મનાઇ રહ્યું છે. છેલ્લા બે વર્ષથી બેન્કીંગ ક્ષેત્ર નબળુ પડી રહ્યુ છે અને બેન્કોની વધી રહેલી એનપીએને કારણે બેન્કીંગ ક્ષેત્ર આઇસીયુમાં ડચકા ખાઇ રહ્યુ છે.જેમના હાથોમાં સત્તાના સુત્રો છે તેમની અણઆવડતને કારણે દેશ ભારે આર્થિક મંદીનો સામનો કરી રહ્યો છે. કારણકે તેમના દ્વારા લેવાયેલા સુચિત પગલાં માહોલને ઠીક કરવા માટે સદંતર નબળા નિવડ્યા છે. યશ બેન્ક ઉપરાંત અન્ય બેન્કોના લોન કૌભાડોએ દેશના નાણાંબજારમાં તબાહી ઉભી કરી છે. લાખો નાના ખાતેદારો અને થાપણકારોની મુડી ધોવાઇ ગઇ છે. પરત ચુકવણીની કોઇ વાજબી લેણદેણ કરવામાં આવી નથી. સરકારી જાહેરાતો માત્ર જાહેરાત પુરતી જ સીમીત રહી છે અને લોકોને તેનો લાભ મળી શક્યો નથી.જે લોકોએ લોન મેળવીને પરત નથી કરી તેમની સંપત્તિ વેચીને લોનની વસુલાત કરવી પરંતુ તેમાં પણ કાયદાની આંટીઘુટીઓ જવાબદાર છે. જેટલા લોન લઇને ભાગી જનારા અને દેશનું તેમજ ગ્રાહકોનું અહિત કરનારા જવાબદાર છે તેટલાજ જવાબદાર તેમને બચાવનારા કાયદાના નિષ્ણાંતો પણ ગણી શકાય. બેન્કીગ ક્ષેત્રમાં વિશ્વાસ ડગમગી જશે તો લોકોનો સરકાર પરથી વિશ્વાસ ઉઠી જશે.સરકાર હજુ પણ ભુતકાળની સરકારોને ગાળો દેવામાંથી ઉચી આવતી નથી. પરંતુ તેમના કાર્યકાળ દરમિયાન થયેલા ગોટાળાને નજરઅંદાજ કરી રહી છે તે કેમ ચાલશે. કેન્દ્રની સરકારે તેના સાત વર્ષમાં થયેલા ગોટાળા અને કૌભાંડોનો હિસાબ આપવો પડશે.તબેલામાંથી ભાગી છુટેલા ઘોડાઓ પૈકીના કેટલાક ઘોડાઓ તેમના છે તેથી તેમણે વિદેશોમાં વસાવેલી મિલ્કતો વેચી નાણાં વસુલ કરવા પડશે.

કૌભાંડીઓ ભવ્ય પાર્ટીઓ,ભેટો અને અન્ય મોજશોખની ચીજ વસ્તુઓ સરકારી અધિકારીઓને પુરી પાડતા હોય છે. જેમાં રાજકારણીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજકીય પાર્ટીઓને ફંડ આપતા રહેતા હોવાથી તેમની સામે કોઇ તપાસ કરવા આંગળી ચીધી શકતું નથી.પરિણામે કૌભાંડીઓને મોકળુ મેદાન મળી જાય છે. ભુતકાળના વિજય માલીયા, ચોકસી વિગેરેના દાખલાઓ આપણી નજર સમક્ષ છે. તેમણે કરેલા કૌભાંડોની રકમ તેમણે વસાવેલી મિલ્કત સામે નજીવી છે જેનાથી પુરતી રકમ મળી શકતી નથી. વિદેશોમાં અન્યોના નામે વસાવેલી મિલ્કતો ટાંચમાં આવી શકતી નથી.પરિણામે આપણે બધુ સહન કરવું પડે છે.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઇન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઇ ધરાવે છે.
ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.
વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યું પામતી વ્યક્તિઓની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.
વિશ્વમાં જાઇન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી
જીરાફની જીભ ૨૧ ઇંચ લાબી હોય છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**
**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# કોરોના વાઇરસ મહામારી બનવાનો સંભવ : સમગ્ર વિશ્વમાં ૮૬,૫૦૦થી વધુ કેસ અને ૩૦૦૦ જેટલા લોકોના મોત : ૬૦ દેશોમાં રોગચાળો ફેલાયો

ચીનમાંથી ફેલાયેલો ઘાતકી કોરોના વાઇરસ વિશ્વના ૬૦ જેટલા દેશોમાં ફેલાઇ ચુક્યો છે.અમેરિકા,ઓસ્ટ્રેલીયા અને થાઇલેન્ડમાં કોરોના વાઇરસના કારણે પ્રથમ મોત નિપજ્યા છે.અમેરિકામાં અત્યાર સુધીમાં ૭૧ જેટલા કેસો પોઝીટીવ નોધાયા છે. ઓસ્ટ્રેલીયા ખંડમાં પણ કોરોના વાઇરસને કારણે મોત નિપજ્યું છે.કોરોના વાઇરસ ઝડપથી ફેલાઇ રહ્યો છે તેથી વિશ્વભરની મહાસત્તાઓ લાચાર બની ગઇ છે. જો કે ઇઝરાયેલમાંથી જાહેરાત કરવામાં આવી છે કે તેમણે કોરોના વાઇરસની સામે કામ કરતી રસી શોધી કાઢી છે પરંતુ આવી જાહેરાત જ્યાં સુધી રોગને કાબુમાં લેવાય નહીં ત્યાં સુધી નકામી છે.મોટાભાગના દેશોએ પ્રવાસ નિયંત્રણો જાહેર કરવા માંડ્યા છે. તેમજ ચીનથી આવતા મોટાભાગના પેસેન્જરોને સીધા ચકાસણી માટે રવાના કરી દેવાય છે.

ફ્રાંસમાં આરોગ્ય વિભાગે કિસ નહી કરવા સલાહ આપી છે. ફ્રાંસમાં પરંપરાગત રીતે ચીક કીસીંગ દ્વારા એકબીજાનું અભિવાદન કરાય છે. ફ્રાંસના આરોગ્યમંત્રીએ જનતાને ઓછામાં ઓછા શારીરીક સંપર્કમાં ના આવવાની સલાહ આપી છે. તેમજ લોકોને હસ્તધુનનથી પણ દુર રહેવા માટે સલાહ આપવામાં આવી છે. ચીનમાં કોરોના વાઇરસને કારણે ઉત્પાદનમાં ઘટાડો થતાં પ્રદુષણમાં પણ ઘટાડો થયો છે. નાશા અને યુરોપીયન સ્પેસ એજન્સી દ્વારા જારી કરાયેલી સેટેલાઇટ ઇમેજમાં ચીનમાં પ્રદુષમાં ધરખમ ઘટાડો થયો છે તેવો દાવો કરાયો છે.

બ્રિટનના આરોગ્ય પ્રધાને જણાવ્યુ હતું કે કોરોના વાયરસ સામે લડવા માટે અમે નિવૃત ડોકટરો અને નર્સોને મેદાનમાં ઉતારીશું.સરકાર લોકોને ઘેર રહીને કામકાજ કરે અને ઓછામાં ઓછો પ્રવાસ કરે તેને પ્રોત્સાહન આપી રહી છે. બ્રિટને કોરોના વાઇરસની રસી વિકસાવવા માટે ૫૧ મી. ડોલરની ફાળવણી પણ કરી છે.

અમેરિકાએ કોરોના રોગચાળા સામે ગંભીર રીતે બિમાર લોકોની સારવાર માટેની જરુરીયાતોની વ્યવસ્થા ઉભી કરવા માંડી છે. આ ઉપરાંત પ્રવાસ નિયંત્રણો પણ જાહેર કર્યા છે. આમ સમગ્ર વિશ્વમાં કોરોના વાઇરસની સામે એક લડાઇ ઉભી થઇ રહી છે.અન તેનો મુકાબલો કરવા માટેની ભરચક તૈયારીઓ કરવામાં આવી રહી છે. જે ઝડપથી આ વાયરસ ફેલાઇ રહ્યો છે તેનાથી લોકોમાં એક પ્રકારનો ભય વ્યાપી ગયો છે.

ભારતમાં પણ ૨૮ જેટલા કેસો નોધાઇ ચુક્યા છે. દિલ્હીમાં આ કેસો નોધાયા છે. દિલ્હીના લગભગ ૨૫ જેટલી હોસ્પીટલોને આઇસોલેશન વોર્ડ બનાવવા માટે તાકીદ કરાઇ છે. રોજબરોજ આવતા વિદેશી પ્રવાસીઓને માટે ફરજીયાત ચેકીંગ કરવામાં આવી રહ્યુ છે.

ભારતે આ રોગનો ઇલાજ કેવી રીતે કરી શકાય તે ચકાસી લેવાની જરુર છે. કોરોના વાઇરસે લગભગ આખા વિશ્વને ભરડામાં લીધું છે. અને તેના કારણે સમગ્ર વિશ્વમાં તબાહીના અણસાર આવી રહયા છે. દેશનું આર્થિક સંકટ અને મોઘવારીનો માર પ્રજા સહન કરી શકી નથી.ત્યાં મહામારીના ભયે પ્રજાના જીવ પડીકે બંધાયા છે. જો કે વડાપ્રધાન મોદીએ પ્રજાને અપીલ કરી છે કે સરકાર આ રોગની સામે લડવા માટે તૈયાર છે. અને તેનો સામનો કરશે. પરતુ સરકારી વાજાના અવાજો પ્રજાના કાને અથડાય તેવી સ્થિતિ હવે રહી નથી.

ઇરાન જેવા દેશમાં અડધી સંસદના સભ્યોને કોરોના આભડી ગયો છે.તો દેશના પ્રજાજનોની હાલત બાબતે શું વિચારાય.શેનાથી આ રોગ ફેલાયો છે તે કહેવું અશક્ય છે. જો કે લોકવાયકા પ્રમાણે ચામાચીડીયા અને સાપ દ્વારા ફેલાયો છે તેની સ્વીકૃતિ મળી નથી. આ રોગ ચિકિત્સા વ્યવસ્થા માટે પડકારરુપ છે.હજુ આની ઉપર સંશોધનો ચાલી રહ્યા છે. દવાઓ શોધાય તે માટે ભારે પ્રયત્નો કરાઇ રહ્યા છે.પરંતુ ઝડપથી શોધાય તે જરુરી છે.

## જાણવા જેવું !

હાલ,ભારતમાં સાઇઠ વર્ષથી વધારે ઉમરના માણસોની સંખ્યા લગભગ ૫૦ કરોડથી વધારે છે.
મુંબઇના ચર્ચ ગેટ સ્ટેશનથી દરરોજ ૯૫૬થી વધારે ટ્રેઇનો ઉપડે છે અને દરરોજ ૧૮ લાખ મુસાફરો મુસાફરી કરે છે.
ચંદીગઢમાં અગીયાર સ્થળોએ બ્લુરંગની ટપાલ પેટીઓ રાખવામાં આવી છે. આ પેટીઓમાં માત્ર પોલીસ વિશે ફરિયાદો નાખી શકાય તેવી સગવડ છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

**આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો**
**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**
**સંપર્ક: જહોન એમ.મેકવાન**
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.
**અમી સર્જીકલ**
૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
**http://jagadishchristian.com/**
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# ગુજરાતની ઉત્તમથી સર્વોતમ તરફ આગેકુચ

## ખેડુતો માટે મુખ્યમંત્રીની ભેટ
## દિનકર યોજના

ગુજરાતમાં ખેડુતોને રાતે જાગીને પાણી-ખેતીની ચિંતા ન કરવી પડે તે બાબતે સુનિશ્ચિત કરવા માટે સંવેદનશીલ મુખ્યમંત્રીએ દિવસ દરમિયાન વીજ પુરવઠો પુરો પાડવા માટે દિનકર યોજના જાહેર કરી છે. ખેડુતલક્ષી ગુજરાત સરકારે ખેડુતના હિતોને કેન્દ્રમાં રાખીને આ નિર્ણય લીધો છે.

**સ્કુલ ઓફ એક્સલન્સ**

સરકારી સ્કુલોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા મટો, આધુનિક શિક્ષણની વ્યવસ્થા જેમકે સ્માર્ટ ક્લાસરુમ કમ્પ્યુટર લેબ, સ્ટેમ લેબ, તથા રમતગમતની ઉચ્ચ વ્યવસ્થા સાથે ૫૦૦ સરકારી સ્કુલ ઓફ એક્સલેન્સના રુપમાં વિકસાવવામાં આવશે.

**આરોગ્ય લક્ષી ગુજરાત માટે : અર્બન હેલ્થ સેન્ટર**

આરોગ્યલક્ષી ગુજરાત માટે અર્બન હેલ્થ સેન્ટર દસ હજારની વસ્તીએ એક અર્બન હેલ્થ સેન્ટર જેમાં એમ.બી.બી.એસ અથવા આયુષ ડોકટર દ્વારા ઉચ્ચકક્ષાની આરોગ્ય સેવા પુરી પાડવામાં આવશે.

**મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના :મહિલા સશક્તિકરણનું નવુ સોપાન**

મહિલા સ્વયં સહાયતા સમુહ જે પોતના રોજગાર તથા સ્વરોજગારીની તકો વધારવા રુ. ૧ લાખની લોન લેવા ઇચ્છે તો રાજ્ય સરકાર સંપુર્ણ વ્યાજ ભરી તેમને ૦% વ્યાજ પર લોન ઉપલબ્ધ કરાવશે.

**ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન**

રોજગાર માટે યુવાનો તૈયાર થાય અને ગુજરાતમાં સ્કિલ ઇકો સિસ્ટમ મજબુત થાય તે હેતુથી ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના

**સ્માર્ટ ગુજરાતનુ સ્માર્ટ ટાઉન મિશન**

નાગરિકો માટે સુવિધાઓ વિકસિત થાય તે હેતુથી રાજ્યના શહેરો વચ્ચે સકારાત્મક સ્પર્ધાના આયોજન પાછળ રુ. ૧૦૦ કરોડ ફાળવવાનો નિર્ણય. સ્માર્ટ ટાઉન મિશન અંતગર્ત વર્ગ અ અને વર્ગ બ ના નગરપાલિકાઓ વચ્ચે સ્પર્ધાના માધ્યમથી વિકાસના કાર્યો માટે પસંદ કરેલ નગરપાલિકાને રુ. ૨૦ કરોડ ફાળવવામાં આવશે.

**હર ઘર જલ દ્વારા પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ**

નલસે જલ અભિયાન હેઠળ ઘરે-ઘરે પીવાનું પાણી પહોચાડવાના કામમાં ગુજરાત ૭૫% લક્ષ્ય પ્રાપ્ત કરીને ભારતમાં પ્રથમ ક્રમે છે. જલ જીવન મિશનના હર ઘર જલ અભિયાન અંતગર્ત આગામી બે વર્ષમાં એટલેકે ૨૦૨૨ સુધીમાં રાજ્યના બાકી રહેતા ૧૭ લાખ ઘરોમાં નળ જોડાણનું કામ પુરુ થસે.

**માદરે વતન યોજના :તમારુ દાન એટલું જ સરકારનું યોગદાન**

અનિવાસી ગુજરાતીઓ સમગ્ર વિશ્વમાં વસે છે. અને તે પોતાના વતન માટે કંઇક કરવાની ભાવના રાખે ચે. ગામમાં વિવિધ વિકાસના કાર્યો અને સુવિધાઓને વિકસાવવા દાતાક્ષી દ્વારા આપવામાં આવતા દાનની જેટલી જ મેચિંગ રકમ રાજ્ય સરકાર દ્વારા ઉમેરવામાં આવશે.

**પ્રોટિન અને પોષણયુક્ત ગૂજરાત માટે તુવેરદાળ વિતરણ**

ગુજરાતની જનતાને પ્રોટિન અને પોષણયુક્ત બનાવવા અનાજ વિતરણમાં પહેલીવાર તુવેરદાળનો સમાવેશ. લગભગ ૬૬ લાભાર્થી દિઠ વાર્ષિક ૧૨ કિલો તુવેરદાળનું રાહત દરે વિતરણ

**નિર્ણાયક નેતા મજબુત સરકાર :બજેટ ૨૦૨૦માં ગુજરાત સરકારે સમાજના હિત અને પ્રગતિનો વિચાર કર્યો છે. આ બજેટ ગુજરાતના વિકાસને ઉત્તમથી સર્વોત્તમ દિશા તરફ લઇ જશે.**

**શ્રી નીતિનભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

# દોહા શાંતિ કરારના કાર્યક્રમમાં ભારત સહિત ૩૦ દેશોના પ્રતિનિધિઓની હાજરીમાં યુએસ-તાલિબાન સમજુતી

અમેરીકા અને તાલિબાન વચ્ચે શાંતિ મંત્રણા કરાર પર મહોર લાગી છે. આ અંતગર્ત નિર્ણય લેવાયો છે કે અમેરિકાનું લક્ષ્ય ૧૪ મહિનાની અંદર અફધાનિસ્તાનમાંથી તમામ સૈનિકોને પરત બોલાવી લેવાનુ છે. આ સમજુતી કતારના દોહા શહેરમાં થઈ હતી. આ કાર્યક્રમમાં સામેલ થવા માટે ભારત સહિત દુનિયાભરના ૩૦ દેશોના પ્રતિનિધિઓને પણ બોલાવવામાં આવ્યા હતા.કતારમાં ભારતના દુત પી.કુમારન ભારત તરફથી દોહામાં યુએસએ-તાલિબાન શાંતિ સમજુતી પર હસ્તાક્ષર કરશે. આ પ્રથમવાર હશે કે ભારત તાલીબાન સાથે સંકળાયેલા કોઈ મુદ્દે અધિકૃત રીતે સામેલ રહ્યુ હોય. અમેરિકન વિદેશ મંત્રી માઈક પોમ્પીનો સમજુતી પર હસ્તાક્ષરના એક દિવસ અગાઉ વિદેશ સચીવ હર્ષવર્ધન શ્રુંગલા કાબુલ પહોચ્યા હતા. અને શાંતિપુર્ણ તથા સ્થિર અફધાનિસ્તાન માટે ભારતનું ખુલ્લું સમર્થન વ્યકત કર્યુ હતું. તેમણે રાષ્ટ્રપતિ અશરપ ગની સાથે મુલાકાત કરી હતી. અન તેમને વડાપ્રધાન મોદીનો પત્ર આપ્યો હતો.શ્રુંગલાએ અફધાનિસ્તાનના મુખ્ય કાર્યકારી અબદુલ્લા અબદુલ્લા ઉપરાષ્ટપતિ અમરુલ્લા સાલેહ,રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર હમદુલ્લાહ મોહીબ અને કાર્યકારી વિદેશ મંત્રી હાઉન ચખાનસુરી સાથે મુલાકાત કરી હતી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવિશ કુમારે પોતાના ટ્વીટમાં કહ્યુ હતું કે અફધાનિસ્તાનની રાષ્ટ્રીય એકતા, ક્ષેત્રીય એખંડિતતા, લોકતંત્ર, બહુલવાદ અને તેની સમૃધ્ધિ તથા બાહ્ય રીતે પ્રાયોજીત આતંકવાદના ખાત્મામાં ભારત તેની સાથે રહ્યું છે.આ સમેલનનું આયોજન રશિયા દ્વારા કરાયું હતું. જેમાં તાલિબાનનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ, અફધાનિસ્તાન અમેરિકા,પાકિસ્તાન અને ચીન સહિત અનેક અન્ય દેશોના પ્રતિનિધીઓ પણ સામેલ રહ્યા હતા. અફધાનિસ્તાનમાં શાંતિ પ્રક્રિયા બહાલ થાય અને લોકોને અજંપામાંથી છુટકારો મળે તે જરુરી છે.ત્યાંના લોકોએ અશાંતિનો અહેસાસ વર્ષો સુધી કર્યો છે.

### જાણવા જેવું !

વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યું પામતી વ્યક્તિોની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.
વિશ્વમાં જાઈન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી
જીરાફની જીભ ૨૧ ઈચ લાબી હોય છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# દિલ્હીમાં થયેલી સાંપ્રદાયિક હિંસા સરકાર પ્રેરિત નરસંહાર : દેશભરમાં હુલ્લડોનું ગુજરાત મોડલ લાગુ કરવાની કોશીશ : મમતા બેનરજી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આરોપ લગાવ્યો કે દિલ્હીમાં થયેલી સાંપ્રદાયિક હિંસા 'રાજ્ય પ્રેરિત નરસહાર' હતો. આ મામલે તેમણે એમ પણ કહ્યુ હતું કે ભાજપ દેશભરમાં 'હુલ્લડોનું ગુજરાત મોડલ' લાગુ કરવાની કોશીશ કરી રહ્યું છે. પશ્ચિમ બંગાળમાં તુણમુલ કોગ્રેસના એક કાર્યક્રમમાં સંબોધન કરતાં તેમણે જણાવ્યુ હતું કે શહેરમાં યોજાયેલી અમિત શાહની રેલીમાં ભાગ લેતા વખતે 'ગોલી મારો'ના વિવાદિત સુત્રોચ્ચારની નિંદા કરી હતી.આ સાથે તેમણે એમ પણ કહ્યુ હતું કે હું દિલ્હીમાં નિર્દોષ લોકોની હત્યાથી ખુબ દુ:ખી છું. મારા વિચાર મુજબ આ નરસંહાર હતો. દિલ્હીમાં હિંસા રાજ્યપ્રેરિત હતી.



મમતા બેનરજીએ દાવો કર્યો હતો કે સંશોધિત નાગરિકતા કાનુન ના કારણે હુલ્લડો થયા, જેના કારણે દિલ્હીમાં આટલા લોકો માર્યા ગયા છે. અમિત શાહે । વાત મગજમાં રાખવી જોઈએ. ભાજપે દિલ્હીમાં હુલ્લડો માટે માંફી માગવી જોઈએ. મુખ્યમંત્રી મમતા બેનરજીએ ઉમેર્યુ હતું કે ભાજપ પશ્ચિમ બંગાળ સહિત આખા ભારતમાં હુલ્લડો માટે ગુજરાત મોડલનું પુનરાવર્તન કરવાની કોશીશ કરી રહ્યુ છે.૨૦૦૨મા ગુજરાતમાં પછી ઉત્તરપ્રદેશમાં હવે દિલ્હીમાં હુલ્લડો કર્યા છે. મમતા બેનરજીનો આરોપ પર પ્રતિક્રિયા આપતાં ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી બાબુલ સુપ્રીયો એ કહ્યુ હતું કે મમતા બેનરજી નરસંહારનો અર્થ સમજતા નથી.આવી વાત કહેતા પહેલા તેમણે બે વાર વિચારવું જોઈએ.ભાજપને આ નેતાએ કહ્યુ હતું કે દિલ્હીમાં શાંતિ કાયમ થવી જોઈએ અને મમતા બેનરજીએ ભડકાઉ ભાષણ કરવાની દુર રહેવું જોઈએ.જો તેમની પાસે કોઈ ઉપાય કે સુચન હોય તો તેમણે અમિત શાહને તુરત મળવું જોઈએ.

# સમગ્ર ભારતના ટ્રક ડ્રાઇવરો અને તેના માલિકો દર વર્ષે ૪૮ હજાર કરોડ રુપીયાની લાંચ ટ્રાફિક કે હાઇવે પોલીસને ચુકવે છે : એક અભ્યાસ

સમગ્ર ભારતમાં ટ્રક ડ્રાઈવરો અને તેના માલિકો દર વર્ષે ૪૦ હજાર કરોડ રુપીયાની લાંચ ટ્રાફિક કે હાઈવે પોલીસને ચુકવતા હોવાનો ઘટસ્ફોટ એક અભ્યાસમાં થયો છે. સ્વૈચ્છીક સંસ્થા સેવલાઈફ ફાઉન્ડેશનના સર્વે રીપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ટ્રક ડ્રાઈવરો દર વર્ષે ૪૮ હજાર કરોડ(રોજના ૧૩૨ કરોડ) રુપીયા લાંચ તરીકે ચુકવવા પડે છે.આ સર્વે ૧૦ મુખ્ય પરિવહન અને ટ્રાન્સપોર્ટ કેન્દ્રોમાં કરવામાં આવ્યો હતો. ૮૨% થી વધારે ટ્રક ડ્રાઈવરો અને ટ્રક માલિકોનું કહેવું છે કે રોડ ટ્રીપ દરમિયાન એક કે તેથી વધુ વિભાગોના અધિકારીઓને લાંચ આપવી પડે છે. સર્વેમાં સામેલ ટ્રાન્સપોર્ટ હબમાં ગુવાહાટીમાં સ્થિતિ સૌથી ખરાબ છે. અહીયા ૯૭% ડ્રાઈવરોએ દાવો કર્યો હતો કે તેમણે રોડ ટ્રીપ દરમિયાન લાંચ ચુકવી છે. તે પછી ચેન્નાઈના ૮૯% અનો દિલ્હીના ૮૪.૪ % ટ્રક ડ્રાઈવરોએ લાંચ ચુકવી હોવાનો દાવો કર્યો હતો.

રિપોર્ટમાં દાવો કરાયો હતો કે આરટીઓ પણ લાંચ માંગે છે. ૪૪% ડ્રાઈવરોએ આ દાવો કર્યો છે. લાંચ લેવામાં દેશભરમાં બેગલુરની આરટીઓ સૌથી આગળ છે. ત્યાં સુધી કે લગભગ ૪૭% ડ્રાઈવરોએ એમના લાઈસન્સને રિન્યુ કરાવતી વખતે લાંચ આપવાની ફરજ પડી છે.એવો ખુલાસો રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. સરેરાશ એક ડ્રાઈવરે આ માટે ૧૭૮૯ રુપીયા લાંચ પેટે ચુકવ્યા છે. દેશની રાજધાની દિલ્હી પણ આ બદીમાંથી મુક્ત નથી. મહાનગરી મુંબઈના આશરે ૯૩% ડ્રાઈવરો અને ટ્રક માલિકોએ દાવો કર્યો છે કે તેમણે સંજોગોવસાત લાંચ ચુકવવાની ફરજ પડી છે.

લાંચ રુશવતની બદી એટલી બધી વ્યાપક છે કે તેનો છેડો શોધવો મુશ્કેલ છે. દરેક સ્તર પર વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર છે.જેમ રેસ્ટોરંટમાં વાનગીનું મેનું અને તેના ભાવ ફિક્સ લખેલા હોય છે. તેમ આ તમામ સ્તરે ભાવનું લિસ્ટ તૈયાર જ હોય છે. ગુનાના પ્રમાણમાં પોલીસ ચોકીઓ હોય કે સ્ટેશન બધેજ વહેવાર માટે વહીવટદારો તૈયાર જ હોય છે. માત્ર ટ્રાન્સપોર્ટના ધંધાની વાત નથી. પરંતુ લગભગ તમામ પ્રકારની બાબતોમાં આ ભાવતાલ ફિક્સ છે.

ગુજરાતમાં દારુબંધી છે તો બુટલેટરોના ધંધા પ્રમાણેના ભાવો ફિક્સ છે. ગમે તેવા સજ્જડ કાયદાઓ હોય પરંતુ તેનો અમલ કરાવનારાઓ નિયમિત રીતે ભરણ ઉઘરાવતા હોય છે. સરકારો આ બાબતે કશું જ કરી શકતી નથી.કારણકે એવું કહેવામાં આવે છે કે તેઓ પણ આ ષડયંત્રના ભાગરુપે હોય છે. (સૌ.ન.ગુ.સ.)




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.